# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-02-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

-------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# MILLET MAHOTSAV

રાજ્યની સાત મહાનગરપાલિકાઓમાં આજથી બે દિવસીય 'મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ખેડૂત બજાર 2025'નો આરંભ થયો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદ ખાતેથી રાજ્યકક્ષાના મિલેટ મહોત્સવનો આરંભ કરાવ્યો હતો. રાજ્ય કક્ષાના મિલેટ મહોત્સવમાં રાજ્યભરમાંથી મિલેટ ઉત્પાદકો, પ્રાકૃતિક કૃષિ ઉત્પાદકો, ઓર્ગેનિક ખાદ્ય ઉત્પાદકો, ખેડૂતો, સંસ્થાઓ અને વેપારીઓએ ભાગ લીધો છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ જાડા ધાન્યનાં મહત્વ અંગે આ મુજબ જણાવ્યુઃ

**(BYTE CM BHUPENDRA PATEL, MILLET)**

આ મહોત્સવમાં પરિસંવાદો, તાલીમ, સાંસ્કૃતિક કાર્યક્રમો સહિત મિલેટ વેચાણ અને પ્રદર્શન સ્ટોલ્સ અને મિલેટ લાઈવ ફૂડ સ્ટોલ્સ મુલાકાતીઓમાં આકર્ષણ જમાવશે. 105 પ્રદર્શન અને વેચાણ સ્ટોલ્સ પર વિવિધ પ્રકારના મિલેટ પ્રોડક્ટ્સ, પ્રાકૃતિક કૃષિ અને ઓર્ગેનિક ખેતી પ્રોડક્ટ્સ સહિતની ચીજો રજૂ કરવામાં આવી છે.

દરમિયાન, રાજકોટમાં નાના મવા ખાતે આજથી મિલેટ મહોત્સવનો પ્રારંભ થયો છે. આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક જગદીશ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . . .

# BIMSTEC

કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ ગાંધીનગરમાં બે ઓફ બેંગાલ ઇનિશિયેટિવ ફોર મલ્ટી-સેક્ટોરલ ટેકનિકલ એન્ડ ઇકોનોમિક કો-ઓપરેશન BIMSTEC યુવા સમિટનું ઉદ્ઘાટન કર્યું હતું.

શ્રી માંડવિયાએ જણાવ્યું કે, યુવાનો વચ્ચે થનાર સંવાદમાં વિવિધ દેશના વિકાસ મંથન થશે. તેમણે જણાવ્યું કે, બિમસ્ટેક ભારત સાથે અન્ય દેશોના સહયોગ થી વિકાસની ભૂમિકા અદા કરશે.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું કે, આ સમીટમાં સામૂહિક વિકાસ પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. ગુજરાત સુશાસનનું ઉત્તમ ઉદાહરણ છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, યુવાનો આ સમીટમાંથી પ્રેરણા લઈ વિશ્વનાં કલ્યાણ માટે આગળ આવશે.

**(BYTE -- CM BHUPENDRA PATEL, BIMSTEC)**

આ સમિટમાં નેપાળ, ભૂતાન, થાઈલેન્ડ, શ્રીલંકા જેવા પાડોશી દેશોના યુવાનો ભાગ લઈ રહ્યા છે.

મહાત્મા મંદિર ખાતે ચાલી રહેલી આ સમિટ 11 ફેબ્રુઆરી સુધી ચાલશે, જેમાં સાત દેશના 70 પ્રતિનિધિ ભાગ લઈ રહ્યા છે.

. . . . . . . . . . . . .

# RAJKOT- KARGO FLIGHT

રાજકોટ આંતરરાષ્ટ્રીય હવાઈમથક પરથી હવે કાર્ગો ફ્લાઈટ ઉડાન ભરી શકશે.

આગામી દિવસોમાં અદ્યતન સુવિધા સાથેનું ટર્મિનલ ખુલ્લું મુકવામાં આવનાર છે, ત્યારે આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર હાલ ૧૦થી વધુ ડોમેસ્ટિક ફ્લાઈટ ઉડાન ભરે છે. એરપોર્ટ ડાયરેક્ટરના જણાવ્યા મુજબ સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇનડાયરેક્ટ ટેક્સ એન્ડ કસ્ટમ દ્વારા એરપોર્ટ ખાતે આયાત-નિકાસ માટે ચીજોનાં લોડીંગ-અનલોડીંગ  માટે મંજુરી આપવામાં આવી છે.

આ સુવિધાને પગલે સમગ્ર સૌરાષ્ટ્રના ઉદ્યોગ જગત સાથે સંકળાયેલા લોકો દેશ પરદેશમાં વિમાન દ્વારા માલસામાન મોકલી શકશે.

. . . . . . . . . . . . .

# MAHESANA- KALA MAHAKUMBH

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગર અને જિલ્લા યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મહેસાણા દ્વારા આયોજિત ઉત્તર ઝોન પ્રદેશ કક્ષાના કલા મહાકુંભ 2025 નો આજથી પ્રારંભ થશે. આ બે દિવસીય કલા મહાકુંભ નાની કડી સ્થિત ડી.જે.પટેલ કન્યા વિદ્યાલય ખાતે યોજાશે. ઉત્તર ઝોનમાં ગાંધીનગર, કચ્છ, અમદાવાદ, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા સહિત 10 જિલ્લાના 6 થી 60 વયજૂથ 4 હજારથીં વધુ સ્પર્ધકો ભાગ લઈ રહ્યા છે.

. . . . . . . . . . . . .

# MAHESANA- NAGARPALIKA CHUTNI

મહેસાણા જિલ્લાની વડનગર અને ખેરાલુ નગરપાલિકાની ચૂંટણી 16 મી ફેબ્રુઆરી યોજાશે. આ માટે ઉમેદવારો મતદારોને ઘરે ઘરે જઈને પ્રચાર કરી રહ્યા છે.

વડનગર વોર્ડ ક્રમાંક 2 ના એક અપક્ષ અને વોર્ડ નંબર એકમાં કોંગ્રેસના બે ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પરત ખેંચતા ભાજપના બે ઉમેદવારો બિન હરિફ વિજેતા બન્યા છે. હવે 50 ઉમેદવારો મેદાનમાં છે. ખેરાલુ નગરપાલિકામાં 59 ઉમેદવારો મેદાનમાં છે. જેમાં 18 હજાર 600 મતદારો છે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................